જા. ક્ર.........
શાખા.........
10 OCT 2025
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૦૮/૧૦/૨૦૨૫

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગના તારીખ : ૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક

(૨) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તારીખ : ૨૩/૦૯/૨૦૨૫ના પત્ર ક્રમાંક : રાપબો/TET I, TET II/૨૦૨૫/૧૧૨૩૭

સુધારા ઠરાવ :

શિક્ષણ વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૧ ના વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના ઠરાવથી પ્રાથમિક શિક્ષકો માટેની યોગ્યતા કસોટી (TET I & TET II) બાબતે જોગવાઇ કરવામાં આવેલ હતી. તાજેતરમાં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (૨) મુજબની તા. ૨૩/૦૯/૨૦૨૫ના પત્રથી શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I) અને શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II) ના આ વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવમાં દર્શાવેલ પરીક્ષાના અભ્યાસક્રમમાં ડીટેઇલ અભ્યાસક્રમ દર્શાવવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવની જોગવાઇ (અ) પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી-I (ધોરણ ૧ થી ૫) ના વિભાગ-૧ થી ૫ તેમજ જોગવાઇ (બ) પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી-II (ધોરણ ૬ થી ૮) ના વિભાગ-૧ થી ૩ ની જોગવાઇઓમાં આથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

## TET-I (ધોરણ ૧થી ૫ માટે)

### આ કસોટીમાં કુલ ૫ વિભાગો ૧૫૦ પ્રશ્નો અને ૧૫૦ ગુણ

| ક્રમ | હાલની જોગવાઈ | ગુણ | સુધારેલ જોગવાઇ | ગુણ |
|---|---|---|---|---|
| ૧ | વિભાગ-૧: બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો (Child Development & Pedagogy):30 | 30 | વિભાગ - ૧ : બાળ વિકાસ અને શૈક્ષણિક શાસ્ત્ર (30 ગુણ) (30 પ્રશ્નો)<br>(A) બાળ વિકાસ (૧૫ ગુણ) (૧૫ પ્રશ્નો) | 30 |

| | | | | |
|---|---|---|---|---|
| | બહુહેતુક પ્રશ્નો: દરેકનો એક ગુણ: કુલ ગુણ – ૩૦<br>જેમાં Reasoning Ability, Logical Ability, Teacher Aptitude, Data Interpretation જેવી બાબતો પણ સમાવવામાં આવશે.<br>બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતોનો વિભાગ ૬ થી ૧૧ વયજૂથનાં બાળકો માટેના અધ્યયન-અધ્યાપનના શૈક્ષણિક મનોવિજ્ઞાન આધારિત રહેશે. ઉમેદવારની વૈચારિક દોહન પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય, વિદ્યાર્થી સાથેની સબળ આંતરક્રિયા અંગેની તેની સંકલ્પનાઓ જાણી શકાય, બાળકેન્દ્રી અધ્યાપન માટેની વિષય સજ્જતા કેવી છે તેનું સુચારૂ મુલ્યાંકન થાય તેવા વ્યવહારૂ પ્રશ્નો (Applied Questions) અંગેની વિચારપ્રેરક વિષયસામગ્રી કસોટીમાં પૂછવામાં આવશે. | | • વિકાસની સંકલ્પના અને અધ્યયન સાથેનો સંબંધ<br>• બાળ વિકાસના લક્ષણો અને સિધ્ધાંતો<br>• વિકાસને અસર કરતા પરિબળો<br>• વારસો અને વાતાવરણ<br>• સામાજિકતાનો વિકાસ અને તેને અસર કરતા પરિબળો<br>• સામાજિકીકરણ પ્રક્રિયાઓ:<br>સામાજિક જગત અને બાળક (વાલી, શિક્ષક, સહપાઠી)<br>• એરિક્સન, મોન્ટેસરી, ફ્રોબેલ, કોહલબર્ગ સિદ્ધાંત અને શૈક્ષણિક ફલિતાર્થ<br>• બાળકેન્દ્રી અને પ્રગતિશીલ શિક્ષણની સંકલ્પના<br>• બુદ્ધિની સંકલ્પના અંગેનો સમીક્ષાત્મક દ્રષ્ટિકોણ<br>• બહુ આયામી બુદ્ધિ<br>• બાળકોમાં વિકાસ-ભાષા અને વિચાર<br>• લિંગ/જાતિ(Gender): સામાજિક બંધારણ, લિંગભેદ, જાતિગત/લિંગ ભૂમિકાઓ, શિક્ષણના સંદર્ભમાં જાતિયતાની અસર<br>• અધ્યેતાઓમાં વ્યક્તિગત ભિન્નતા, ભાષા, જાતિ, લિંગ, સમુદાય, ધર્મ વગેરે આધારિત ભિન્નતાઓની સમજ<br>• અધ્યયનનું મૂલ્યાંકન અને અધ્યયન માટેના મૂલ્યાંકન વચ્ચેનો તફાવત; શાળાકીય મૂલ્યાંકન; સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (CCE)<br>• દ્રષ્ટિકોણ અને પ્રયાસો<br>• વર્ગખંડમાં અધ્યેતાઓની વર્ગખંડ તત્પરતા, અધ્યયન અને વિવેચનાત્મક ચિંતનના વિકાસ અને અધ્યેતાની અધ્યયન સિદ્ધિના મૂલ્યાંકન માટે યોગ્ય પ્રશ્નોની રચના. | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | **(B) સમાવેશી શિક્ષણ અને વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળકો અંગે સમજ: (૦૫ ગુણ) (૦૫ પ્રશ્નો)**<br>• વિવિધ પરિવેશ ધરાવતા અધ્યેતાઓને સમાવવા- જેમાં આર્થિક- સામાજિક રીતે પછાત, વંચિત બાળકોનું સમાવેશન<br>• અધ્યયન અક્ષમતા (Learning Disability) ધરાવતા બાળકો, વિવિધ દિવ્યાંગતા ધરાવતા બાળકો<br><br>**(C) અધ્યયન અને શૈક્ષણિક શાસ્ત્ર: (૧૦ ગુણ) (૧૦ પ્રશ્નો)**<br>• બાળકો કેવી રીતે વિચારે છે અને શીખે છે; શાળાકીય પ્રદર્શનમાં તેઓ કેમ અને કેવી રીતે નિષ્ફળ જાય છે તેના કારણો.<br>• અધ્યયન-અધ્યાપનની પાયાની પ્રક્રિયાઓ; બાળકોની અધ્યયન વ્યૂહ રચનાઓ; સામાજિક પ્રવૃત્તિ તરીકે અધ્યયન; અધ્યયનનો સામાજિક પરિપ્રેક્ષ્ય.<br>• બાળક સમસ્યા ઉકેલનાર અને વૈજ્ઞાનિક શોધક તરીકે.<br>• બાળકોમાં અધ્યયન માટેની વૈકલ્પિક સંકલ્પના; અધ્યયન પ્રક્રિયામાં બાળકોથી થતી ભૂલોની મહત્વના સોપાન તરીકે સમજ.<br>• જ્ઞાન/બોધ (Logion) અને સંવેગો (Emotions)<br>• પ્રેરણા અને અધ્યયન<br>• અધ્યયનને અસર કરતા વ્યક્તિગત અને પર્યાવરણીય પરીબળો | |
| ૨ | વિભાગ - ૨ અને ૩ : ભાષા ૧ અને ૨ (ગુજરાતી અને અંગ્રેજી) | 30 | <u>વિભાગ – ૨ : ગુજરાતી ભાષા (Language I) – (30ગુણ) (30 પ્રશ્નો)</u> | 30 |

| | | | |
|---|---|---|---|
| | : ૩૦ – ૩૦ પ્રશ્નો: દરેકના એક ગુણ: કુલ ગુણ – ૬૦<br>ભાષાકીય સજ્જતા અને વિદ્યાર્થીઓ સાથેના વર્ગવ્યવહાર અને આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન – ભાષા – ૧ (ગુજરાતી) માં થશે. જ્યારે ભાષા – ૨ (અંગ્રેજી) માં ભાષાનાં મૂળભૂત તત્વો, પ્રત્યાયન અને સારઅર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. | (A)ભાષા અર્થગ્રહણ (Language Comprehension) – (૧૫ગુણ) (૧૫ પ્રશ્નો)<br>• ભાષાના પેપરમાં દરેક વિષયના વિષય વસ્તુમાં ભાષા સજ્જતા, સંભાષણ અને વિદ્યાર્થી સાથેના વર્ગ વ્યવહાર તેમજ આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન કરતા, તેમજ ભાષાના મૂળભુત તત્વો, પ્રત્યાયન અને સાર અર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરતા પ્રશ્નો.<br>• અપરિચિત પાઠો વાંચવા – બે પાઠ (એક ગદ્ય અથવા નાટક અને એક કાવ્ય)<br>• પ્રશ્નો: સમજૂતી, અનુમાન, વ્યાકરણ અને વાક્કુશળતા<br>(ગદ્યખંડ સાહિત્યિક, વૈજ્ઞાનિક, વર્ણનાત્મક અથવા વિવેચનાત્મક હોઈ શકે)<br>• શ્રવણ અને કથન: ભાષા શિક્ષણમાં મહત્વ<br>• આ કસોટીમાં ધોરણ ૧ થી ૫ના ગુજરાતી ભાષા વિષયના અભ્યાસક્રમ આધારિત પ્રશ્નો. પરંતુ તેનુ કઠિનતા મૂલ્ય અને સંબંધ માધ્યમિક શિક્ષણ (ધોરણ-૧૦) સુધીનો રહેશે.<br><br>**(B) ભાષા વિકાસની શૈક્ષણિક પદ્ધતિ – (૧૫ગુણ) (૧૫ પ્રશ્નો)**<br>• અધ્યયન અને ભાષા (Learning and Acquisition) ભાષા સંપ્રાપ્તિ<br>• ભાષા શિક્ષણના સિદ્ધાંતો<br>• ભાષા શીખવામાં વ્યાકરણની ભૂમિકા અંગેની સમીક્ષાત્મક દ્રષ્ટિ – વિચારોને મૌખિક અને લખાણ સ્વરૂપે વ્યક્ત કરવા.<br>• વર્ગખંડમાં ભાષા શીખવવાના પડકારો; ભાષાકીય મુશ્કેલીઓ, ભૂલો અને વિકારો<br>• ભાષાકૌશલ્યો (Language Skills) | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | • ભાષા અર્થગ્રહણ અને પ્રવિણ્યનું મૂલ્યાંકન: શ્રવણ, કથન, વાંચન, લેખન<br>• અધ્યયન-અધ્યાપન સામગ્રી: પાઠ્યપુસ્તક, મલ્ટી-મીડિયા સામગ્રી, વર્ગખંડના બહુભાષી સ્રોતો<br>• ઉપચારાત્મક શિક્ષણ (Remedial Teaching) | |
| 3 | | 30 | <u>વિભાગ – ૩ : અંગ્રેજી ભાષા (Language II) – (૩૦ગુણ)</u> (૩૦ પ્રશ્નો)<br>**(A)ભાષા અર્થગ્રહણ (Language Comprehension) – (૧૫ગુણ) (૧૫ પ્રશ્નો)**<br>• ભાષાના પેપરમાં દરેક વિષયના વિષય વસ્તુમાં ભાષા સજ્જતા, સંભાષણ અને વિદ્યાર્થી સાથેના વર્ગ વ્યવહાર તેમજ આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન કરતા તેમજ ભાષાના મૂળભુત તત્વો, પ્રત્યાયન અને સાર અર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરતા પ્રશ્નો.<br>• અપરિચિત પાઠો વાંચવા – બે પાઠ (એક ગદ્ય અથવા નાટક અને એક કાવ્ય)<br>• પ્રશ્નો: સમજૂતી, અનુમાન, વ્યાકરણ અને વાક્કુશળતા (ગદ્યખંડ સાહિત્યિક, વૈજ્ઞાનિક, વર્ણનાત્મક અથવા વિવેચનાત્મક હોઈ શકે)<br>• શ્રવણ અને કથન: ભાષા શિક્ષણમાં મહત્વ<br>• આ કસોટીમાં ધોરણ ૧ થી ૫ ના અંગ્રેજી ભાષા વિષયના અભ્યાસક્રમ આધારિત પ્રશ્નો. પરંતુ તેનુ કઠિનતા મૂલ્ય અને સંબંધ માધ્યમિક શિક્ષણ (ધોરણ–૧૦) સુધીનો રહેશે.<br>(B) ભાષા વિકાસની શૈક્ષણિક પદ્ધતિ – (૧૫ગુણ) (૧૫ પ્રશ્નો)<br>• અધ્યયન અને ભાષા (Learning and Acquisition) ભાષા સંપ્રાપ્તિ | 30 |

| | | | | |
|---|---|---|---|---|
| | | | • ભાષા શિક્ષણના સિદ્ધાંતો<br>• ભાષા શીખવામાં વ્યાકરણની ભૂમિકા અંગેની સમીક્ષાત્મક દ્રષ્ટિ – વિચારોને મૌખિક અને લખાણ સ્વરૂપે વ્યક્ત કરવા.<br>• વર્ગખંડમાં ભાષા શીખવવાના પડકારો; ભાષાકીય મુશ્કેલીઓ, ભૂલો અને વિકારો<br>• ભાષાકૌશલ્યો (Language Skills)<br>• ભાષા અર્થગ્રહણ અને પ્રાવિણ્યનું મૂલ્યાંકન: શ્રવણ, કથન, વાંચન, લેખન<br>• અધ્યયન-અધ્યાપન સામગ્રી: પાઠ્યપુસ્તક, મલ્ટી-મીડિયા સામગ્રી, વર્ગખંડના બહુભાષી સ્રોતો<br>• ઉપચારાત્મક શિક્ષણ (Remedial Teaching) | |
| ૪ | વિભાગ - ૪ : ગણિત : ૩૦ પ્રશ્નો: દરેકનો એક ગુણ: કુલ ગુણ – ૩૦ વિષયની સંકલ્પના સ્પષ્ટીકરણ અંગેની બાબતો અને Problem Solving Abilities (સમસ્યા ઉકેલ સંબંધી ક્ષમતા) તથા વિષયના પધ્ધતિશાસ્ત્ર અને વિષય વસ્તુનું વ્યવહારિક પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન થશે. | ૩૦ | <u>વિભાગ – ૪ : ગણિત – (૩૦ ગુણ)</u> (૩૦ પ્રશ્નો)<br>(A) વિષયવસ્તુ – (૧૫ગુણ) (૧૫ પ્રશ્નો)<br>• ગણિત વિષયમાં સંકલ્પના સ્પષ્ટીકરણની બાબતો અને સમસ્યા ઉકેલ સંબંધિત ક્ષમતા આધારિત પ્રશ્નો. આ કસોટીમાં ધોરણ ૧ થી ૫ ના ગણિત વિષયના અભ્યાસક્રમ આધારિત પ્રશ્નો. પરંતુ તેનુ કઠિનતા મૂલ્ય અને સંબંધ માધ્યમિક શિક્ષણ (ધોરણ-૧૦) સુધીનો રહેશે.<br><br>(B) પધ્ધતિ શાસ્ત્ર – (૧૫ગુણ) (૧૫ પ્રશ્નો)<br>• ગણિતનું સ્વરૂપ / તર્કશક્તિ; બાળકોની વિચારવાની તથા તર્ક કરવાની તરાહ, અર્થ અને શીખવા માટે અપનાવતી વ્યૂહરચનાઓ<br>• અભ્યાસક્રમમાં ગણિતનુ સ્થાન<br>• ગણિત શિક્ષણની પધ્ધતિઓ/ પ્રયુક્તિઓ<br>• વર્ગખંડ પ્રત્યાયનમાં ભાષાની ભૂમિકા | ૩૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | • ઔપચારિક અને અનૌપચારિક મૂલ્યાંકન<br>• ગણિત અધ્યાપન સમસ્યાઓ<br>• ગણિતમાં થતી ભૂલો અને તેના નિવારણના ઉપાયો | |
| ૫ | વિભાગ – ૫ : પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહોની જાણકારી : ૩૦ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૩૦ | ૩૦ | <u>વિભાગ-૫ : પર્યાવરણ, સામાન્ય જ્ઞાન, શિક્ષણના વર્તમાન પ્રવાહો (30 ગુણ)</u> (30 પ્રશ્નો)<br>(A)પર્યાવરણ વિષય અને પધ્ધતિ શાસ્ત્ર (૨૦ ગુણ) (૨૦ પ્રશ્નો)<br>**ધોરણ ૧ થી ૫ના અભ્યાસક્રમ આધારિત પ્રશ્નો જેનું કઠિનતા મૂલ્ય માધ્યમિક શિક્ષણ (ધોરણ-૧૦) સુધીનો રહેશે.**<br>(1) વિષયવસ્તુ - (૧૦ગુણ) (૧૦ પ્રશ્નો)<br>**પર્યાવરણ વિષયનો ધોરણ ૧ થી ૫ના અભ્યાસક્રમ આધારિત પ્રશ્નો**<br>(2) પધ્ધતિ શાસ્ત્ર - (૧૦ ગુણ) (૧૦ પ્રશ્નો)<br>• પર્યાવરણ (EVS) ની સંકલ્પના અને વ્યાપ<br>• પર્યાવરણ મહત્વ<br>• પર્યાવરણ અને પર્યાવરણ શિક્ષણ વચ્ચેનો સંબંધ<br>• અધ્યયનના સિદ્ધાંતો (Learning Principles)<br>• વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન સાથેનો વ્યાપ અને સંબંધ<br>• સંકલ્પનાઓ રજૂ કરવાની પદ્ધતિઓ<br>• પ્રવૃત્તિઓ (Activities)<br>• પ્રયોગો/પ્રાયોગિકકાર્ય (Experimentation / Practical Work)<br>• ચર્ચા (Discussion)<br>• સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (CCE)<br>• શિક્ષણ સામગ્રી (Teaching Material / Aids)<br>• અધ્યાપનની સમસ્યાઓ (Problems) | ૩૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | **(B)** સામાન્ય જ્ઞાન, **Reasoning Ability, Logical Ability, Teaching Aptitude, Date Interpretation** જેવી બાબતો આધારિત પ્રશ્નો(૦૫ગુણ) (૦૫ પ્રશ્નો)<br><br>**(C)** શિક્ષણના વર્તમાન પ્રવાહ (૦૫ ગુણ) (૦૫ પ્રશ્નો) | |

## TET-II (ધોરણ ૬ થી ૮ માટે)

### આ કસોટીમાં બે વિભાગ રહેશે. વિભાગ-૧ અને વિભાગ-૨.

| વિભાગ – ૧ કુલ ૭૫ પ્રશ્નો રહેશે. (૭૫ ગુણ) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | હાલની જોગવાઈ | ગુણ | સુધારેલ જોગવાઇ | ગુણ |
| ૧ | ૧ બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો (Child Development & Pedagogy): ૨૫ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૨૫<br>જેમાં Reasoning Ability, Logical Ability, Teacher Aptitude, Data Interpretation જેવી બાબતો પણ સમાવવામાં આવશે.<br>બાળ વિકાસ અને શિક્ષણના સિધ્ધાંતોનો વિભાગ ૧૧ થી ૧૪ વયજૂથનાં બાળકો માટેના અધ્યયન-અધ્યાપનના શૈક્ષણિક મનોવિજ્ઞાન આધારિત રહેશે. ઉમેદવારની વૈચારિક દોહન પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય, વિદ્યાર્થી સાથેની સબળ આંતરક્રિયા અંગેની તેની સંકલ્પનાઓ જાણી શકાય, બાળકેન્દ્રી અધ્યાપન માટેની વિષયસજ્જતા કેવી છે તેનું સુચારૂ મૂલ્યાંકન થાય તેવા વ્યવહારુ પ્રશ્નો (Applied Questions) અંગેની વિચારપ્રેરક | ૨૫ | (૧) બાળ વિકાસ અને શૈક્ષણિક શાસ્ત્ર – (૨૫ગુણ) (૨૫ પ્રશ્નો)<br>(A) બાળ વિકાસ (૧૦ગુણ) (૧૦ પ્રશ્નો)<br>• વિકાસની સંકલ્પના અને અધ્યયન સાથેનો સંબંધ<br>• બાળ વિકાસના સિધ્ધાંતો<br>• વારસો અને વાતાવરણની બાળ વિકાસ પર અસર<br>• સામાજિકીકરણ પ્રક્રિયા: સામાજિક જગત અને બાળક (શિક્ષક, માતાપિતા, સહપાઠી)<br>• જીન પિયાજેના અધ્યયન રચનાત્મક સિદ્ધાંત, વાયગોત્સ્કીનો અધ્યનના સામાજિક સંરચનાવાદનો સિદ્ધાંત<br>• અધ્યયનના સિદ્ધાંતો: (સ્કીનર, થાર્નડાઈક, પાવલોવ)<br>• બાળકેન્દ્રી શિક્ષણ<br>• બુદ્ધિ: સંકલ્પના, હાવર્ડ-ગાર્ડનરનો બહુવિધ બુદ્ધિનો સિદ્ધાંત, સાંવેગિક બુદ્ધિ)<br>• જાતિ વિષયક ભેદ દૂર કરવામાં કેળવણીની ભૂમિકા | ૨૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | વિષય સામગ્રી કસોટીમાં પૂછવામાં આવશે. | | • વૈયક્તિક ભિન્નતા: (ભાષા, જાતિ, સમાજ, ધર્મ વગેરે આધારિત)<br>• અધ્યેતાની ભાષા અને શાળા<br>• મૂલ્યાંકન: (સંકલ્પના, અધ્યયનનું મૂલ્યાંકન, અધ્યયન માટેનું મૂલ્યાંકન, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન, રચનાત્મક મૂલ્યાંકન)<br>• વર્ગખંડમાં અધ્યેતાઓની વર્ગખંડ તત્પરતા, અધ્યયન અને વિવેચનાત્મક ચિંતનની વિકાસ અને અધ્યેતાઓની અધ્યયન સિધ્ધિના મૂલ્યાંકન માટે યોગ્ય પ્રશ્નોની રચના<br><br>**(B) સમાવેશી શિક્ષણની સંકલ્પના અને વિશિષ્ટ જરૂરીયાતવાળા બાળકોની સમજ (૦૫ ગુણ) (૦૫ પ્રશ્નો)**<br>• ઉપેક્ષિત, વંચિત અને વિવિધ પરિવેશ ધરાવતા અધ્યેતાને સંબોધવા<br>• અધ્યયન અક્ષમતા અથવા દિવ્યાંગતા ધરાવતા બાળકોની જરૂરિયાતને સંબોધવી<br>• (મેધાવી અધ્યેતાની જરૂરિયાતોને સંબોધવી)/ પ્રતિભાશાળી, સર્જનાત્મક અને વિશિષ્ટ ક્ષમતા ધરાવતા અધ્યેતાને સંબોધવા.<br>• સમાવેશી શાળા અને શિક્ષક<br><br>**(C) અધ્યયન અને અધ્યાપન શાસ્ત્ર: (૧૦ ગુણ) (૧૦ પ્રશ્નો)**<br>• વિદ્યાર્થી કઈ રીતે વિચારે છે અને શીખે છે?<br>• અધ્યેતાની શૈક્ષણિક સિધ્ધિમાં પછાતપણાના કારણો.<br>• શાળામાં અને શાળા બહાર થતાં અધ્યયન વચ્ચેનો સંબંધ અને તફાવત<br>• અધ્યયનમાં સામાજિક-સાંસ્કૃતિક અને જ્ઞાનાત્મક પ્રક્રિયાઓ | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | • સંરચનાત્મક 5 'E' મોડેલ<br>• પ્રેરણાના સિધ્ધાંતો<br>• અધ્યયનને અસર કરતા પરિબળો<br>• અધ્યયન સંક્રમણ<br>• અધ્યાપન સૂત્રો | |
| ૨ | ૨ ભાષા (ગુજરાતી અને અંગ્રેજી) : ૨૫ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૨૫<br>ભાષાકીય સજ્જતા અને વિદ્યાર્થીઓ સાથેના વર્ગવ્યવહાર અને આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન ગુજરાતીમાં થશે. જ્યારે અંગ્રેજીમાં ભાષાનાં મૂળભૂત તત્વો, પ્રત્યાયન અને સારઅર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. | ૨૫ | <u>(૨) ભાષા (ગુજરાતી અને અંગ્રેજી) (૨૫ ગુણ) (૨૫ પ્રશ્નો)</u><br>ભાષાકીય સજ્જતા અને વિદ્યાર્થી સાથેના વર્ગ વ્યવહાર, આંતરક્રિયાને લગતી સજ્જતા, ભાષાના મુળતત્વો, પ્રત્યાયન અને સાર અર્થ ગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરતા પ્રશ્નો. તેમજ<br>• અપરિચિત પાઠો વાંચવા – બે પાઠ (એક ગદ્ય અથવા નાટક અને એક કાવ્ય)<br>• પ્રશ્નો: સમજૂતી, અનુમાન, વ્યાકરણ અને વાક્કુશળતા<br>*(ગદ્યખંડ સાહિત્યિક, વૈજ્ઞાનિક, વર્ણનાત્મક અથવા વિવેચનાત્મક કોઈ શકે)*<br>• *શ્રવણ અને કથન: ભાષા શિક્ષણમાં મહત્વ* | ૨૫ |
| 3 | સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહોની જાણકારી : ૨૫ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ - ૨૫ | ૨૫ | <u>(3) સામાન્ય જ્ઞાન, શિક્ષણના વર્તમાન પ્રવાહો (૨૫ ગુણ) (૨૫ પ્રશ્નો)</u><br>સામાન્ય જ્ઞાન, Reasoning Ability, Logical Ability, Teaching Aptitude, Data Interpretation જેવી બાબતો આધારિત પ્રશ્નો તેમજ શિક્ષણના વર્તમાન પ્રવાહોના પ્રશ્નો. | ૨૫ |
| **<u>વિભાગ – ૨ કુલ ૭૫ પ્રશ્નો રહેશે.</u>**<br>આ વિભાગમાં નીચેના વિષયો પૈકી જે તે ઉમેદવારે પોતાની લાયકાત મુજબનો વિષય રાખવાનો રહેશે.<br>**(B) ગણિત અને વિજ્ઞાન અથવા (B) ભાષાઓ અથવા (C) સામાજિક વિજ્ઞાન** | | | | |
| | ગણિત અને વિજ્ઞાન<br>ગણિત વિષયમાં સંકલ્પના સ્પષ્ટીકરણ અંગેની બાબતો અને Problem Solving Abilities ( સમસ્યાઉકેલ સંબંધી ક્ષમતા) તથા વિષયના પધ્ધતિશાસ્ત્ર અને | ૭૫ | <u>(A) ગણિત અને વિજ્ઞાન (કુલ ૭૫ ગુણ) (૭૫ પ્રશ્નો)</u><br>ગણિતના વિષય વસ્તુ અને તેનું પદ્ધતિશાસ્ત્ર – (૪૦ ગુણ) (૪૦ પ્રશ્નો)<br>ગણિત વિષય વસ્તુ (૨૫ ગુણ) (૨૫ પ્રશ્નો) | ૭૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | વિષયવસ્તુનું વ્યવહારિક પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન થશે. વિજ્ઞાન જેવા વિષયમાં વ્યવહારિક વિજ્ઞાન (Applied Science), રોજબરોજના અનુભવો સાથેનું વિજ્ઞાન, સ્વાનુભવો, અવલોકન અને નિરીક્ષણો, વગેરે ધ્યાને રાખી મૂલ્યાંકન થશે. | | • ગણિત વિષયમાં સંકલ્પના સ્પષ્ટી કરણની બાબતો અને સમસ્યા ઉકેલ સંબંધિત ક્ષમતા આધારિત વિષયવસ્તુનુ વ્યવહારિક પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન.<br>• આ કસોટીમાં ધોરણ ૬ થી ૮ ના ગણિત વિષયના અભ્યાસક્રમ આધારિત પ્રશ્નો. પરંતુ તેનુ કઠિનતા મૂલ્ય અને સંબંધ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ (ધોરણ-૧૨) સુધીનો રહેશે.<br>**ગણિતનું પદ્ધતિશાસ્ત્ર (૧૫ ગુણ) (૧૫ પ્રશ્નો)**<br>• ગણિતનું સ્વરૂપ<br>• અભ્યાસક્રમમાં ગણિતનું સ્થાન<br>• ગણિતની ભાષા<br>• સમુદાય ગણિત<br>• મૂલ્યાંકન<br>• ઉપચારાત્મક શિક્ષણ (Remedial Teaching)<br>• ગણિત શિક્ષણની મુશ્કેલીઓ<br>• ગણિત શિક્ષણના મૂલ્યો:<br>• ગણિત શિક્ષણના હેતુઓ:<br>• ગણિત શિક્ષણની પધ્ધતિ: નિદર્શન, પ્રયોગ, પ્રોજેક્ટ, આગમન-નિગમન, પૃથક્કરણ-સંયોગીકરણ<br>• ગણિતનો અન્ય વિષય અને અનુબંધ<br>**વિજ્ઞાનના વિષય વસ્તુ અને તેનું પદ્ધતિશાસ્ત્ર – (૩૫ગુણ) (૩૫ પ્રશ્નો)**<br>**વિજ્ઞાન વિષય વસ્તુ (૨૫ ગુણ) (૨૫ પ્રશ્નો)**<br>• વિજ્ઞાન વિષયમાં વ્યાવહારિક વિજ્ઞાન, રોજ બરોજના અનુભવ સાથેનુ વિજ્ઞાન, સ્વાનુભવો, અવલોકન અને નિરીક્ષણ આધારિત પ્રશ્નો. આ કસોટીમાં ધોરણ ૬ થી ૮ ના વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમ આધારિત પ્રશ્નો. પરંતુ તેનુ કઠિનતા મૂલ્ય | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અને સંબંધ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ (ધોરણ-૧૨) સુધીનો રહેશે.<br>**વિજ્ઞાનનું પધ્ધતિ શાસ્ત્ર – (૧૦ ગુણ) (૧૦ પ્રશ્નો)**<br>• વિજ્ઞાનનું સ્વરૂપ અને માળખું<br>• કુદરતી વિજ્ઞાન - લક્ષ્યો અને ઉદ્દેશ્યો<br>• વિજ્ઞાનની સમજણ અને કદર<br>• અભિગમો<br>• નિદર્શન, પ્રયોગ, શોધ, પ્રદર્શન, પ્રોજેક્ટ (વિજ્ઞાન શિક્ષણની પધ્ધતિ)<br>• વિજ્ઞાન શિક્ષણમાં અધ્યયન-અધ્યાપન સામગ્રી<br>• મૂલ્યાંકન (જ્ઞાનાત્મક, મનોશારીરિક, ભાવનાત્મક)<br>• નિદાનાત્મક-ઉપચારાત્મક શિક્ષણ (Remedial Teaching)<br>• વિજ્ઞાન વિષયમાં નવીનીકરણ<br>• વિજ્ઞાન મંડળ, ક્ષેત્રિય મુલાકાત<br>• વિજ્ઞાન પ્રયોગ શાળા | |
| | | | <u>અથવા</u> | |
| | ભાષાઓ (અંગ્રેજી : ૨૦ ગુણ, ગુજરાતી : ૨૦ ગુણ, હિંદી : ૨૦ ગુણ અને સંસ્કૃત : ૧૫ ગુણ) સંકલિત ભાષાઓના પેપરમાં દરેક વિષયની ભાષાસજ્જતા, સંભાષણ અને વિદ્યાર્થીઓ સાથેના વર્ગવ્યવહાર અને આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન તથા ભાષાનાં મૂળભૂત તત્વો, પ્રત્યાયન અને સારઅર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન થશે. | ૭૫ | <u>(B) ભાષા – ૭૫ ગુણ (૭૫ પ્રશ્નો)</u><br>ભાષાના પેપરમાં દરેક વિષયના વિષય વસ્તુમાં ભાષા સજ્જતા, સંભાષણ અને વિદ્યાર્થી સાથેના વર્ગ વ્યવહાર તેમજ આંતર ક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન કરતા તેમજ ભાષાના મુળભુત તત્વો, પ્રત્યાયન અને સાર અર્થગ્રહણની ક્ષમતાનુ મૂલ્યાંકન કરતા પ્રશ્નો. આ કસોટીમાં ધોરણ ૬ થી ૮ ના ભાષા વિષયના અભ્યાસક્રમને આધારિત પ્રશ્નો. પરંતુ તેનુ કઠિનતા મૂલ્ય અને સંબંધ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ (ધોરણ-૧૨) સુધીનો રહેશે.<br><br>ગુજરાતી ભાષા (૨૦ ગુણ)<br>ગુજરાતી ભાષા વિષય વસ્તુ (૧૫ ગુણ) | ૭૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | | – | ગુજરાતી પધ્ધતિ શાસ્ત્ર (૫ ગુણ)<br>અંગ્રજી ભાષા (૨૦ ગુણ)<br>અંગ્રજી ભાષા વિષય વસ્તુ (૧૫ ગુણ)<br>અંગ્રેજી પધ્ધતિ શાસ્ત્ર (૫ ગુણ)<br>હિન્દી ભાષા (૨૦ ગુણ)<br>હિન્દી ભાષા વિષય વસ્તુ (૧૫ ગુણ)<br>હિન્દી પધ્ધતિ શાસ્ત્ર (૫ ગુણ)<br>સંસ્કૃત/ઉર્દૂ/મરાઠી ભાષા (૧૫ ગુણ)<br>સંસ્કૃત/ઉર્દૂ/મરાઠી ભાષા વિષય વસ્તુ (૧૦ ગુણ)<br>સંસ્કૃત/ઉર્દૂ/મરાઠી પધ્ધતિ શાસ્ત્ર (૫ ગુણ)<br><br>ઉપરોક્ત ભાષા વિષયનું પધ્ધતિ શાસ્ત્ર : (ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી તેમજ સંસ્કૃત અથવા ઉર્દૂ અથવા મરાઠી ભાષા શાસ્ત્ર)<br>• અભ્યાસ (Learning) અને અધિગમ (Acquisition) શીખવું અને સંપ્રાપ્તિ<br>• ભાષા શિક્ષણના સિદ્ધાંતો<br>• ભાષા વિકાસ માટે શ્રવણ અને કથનની ભૂમિકા<br>• IT (માહિતી ટેકનોલોજી) નો સાધન તરીકે ઉપયોગ<br>• વિચારોને મૌખિક અને લેખિત રીતે વ્યક્ત કરવા માટે વ્યાકરણની સમીક્ષાત્મક ભૂમિકા<br>• વિવિધતા ધરાવતા વર્ગખંડમાં ભાષા શિક્ષણના પડકારો; ભાષા સંબંધિત મુશ્કેલીઓ, ભૂલો અને અવરોધો<br>• ભાષાકૌશલ્ય (સાંભળવું, બોલવું, વાંચવું, લખવું, અર્થગ્રહણ, અભિવ્યક્તિ, શબ્દભંડોળ)<br>• ભાષા કૌશલ્યોનું મૂલ્યાંકન | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | • અધ્યયન-અધ્યાપન સામગ્રી: પાઠ્યપુસ્તક, મલ્ટીમીડિયા સામગ્રી, બહુભાષીય સ્રોતો<br>• ઉપચારાત્મક શિક્ષણ (Remedial Teaching) | |
| | | | અથવા | |
| | સામાજિક વિજ્ઞાન (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વગેરે)<br>સામાજિક વિજ્ઞાનમાં દેશ-પ્રદેશની ભૂગોળ/ઈતિહાસ દેશની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ, સામાજિક મૂલ્યો જેવી બાબતોને આવરી લેવાશે. | ૭૫ | (C) સામાજિક વિજ્ઞાન-પદ્ધતિ શાસ્ત્ર (૭૫ ગુણ) (૭૫ પ્રશ્નો)<br>સામાજિક વિજ્ઞાન વિષય વસ્તુ (૫૦ ગુણ) (૫૦ પ્રશ્નો)<br>• સામાજિક વિજ્ઞાનમાં દેશ-પ્રદેશની ભૂગોળ/ઈતિહાસ, દેશની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ, સામાજિક મૂલ્યો જેવી બાબતોને આવરી લેવાશે. આ કસોટીમાં ધોરણ ૬ થી ૮ ના સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ આધારિત પ્રશ્નો. પરંતુ તેનુ કઠિનતાં મૂલ્ય અને સંબંધ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ (ધોરણ-૧૨) સુધીનો રહેશે.<br>સામાજિક વિજ્ઞાન પધ્ધતિ શાસ્ત્ર (૨૫ ગુણ) (૨૫ પ્રશ્નો)<br>• સામાજિક વિજ્ઞાનની સંકલ્પના અને સ્વરૂપ<br>• સામાજિક વિજ્ઞાન વિષયમાં નિર્ણયાત્મક શક્તિ<br>• વિવેચનાત્મક યાદશકિત વિકસાવવી<br>• તપાસ/અનુભવજન્ય પુરાવાઓ<br>• સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો<br>• વર્ગખંડ પ્રક્રિયાઓ અને પધ્ધતિઓ:<br>• આધાર પધ્ધતિ<br>• જીવનવૃતાંત પધ્ધતિ<br>• પ્રાદેશિક પધ્ધતિ (કુદરતી પ્રદેશ પધ્ધતિ)<br>• પ્રોજેક્ટ પધ્ધતિ<br>• આત્મકથા પધ્ધતિ | ૭૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | • આગમન-નિગમન<br>• પ્રવાસ પધ્ધતિ<br>• સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટે અધ્યયન-અધ્યાપન સામગ્રી<br>• પૃથ્વીનો ગોળો<br>• નકશા<br>• ચાર્ટસ<br>• ચિત્રો<br>• સિક્કા<br>• નમૂના<br>• સમય રેખા<br>• એટલાસ<br>• સામાજિક વિજ્ઞાન/અભ્યાસ શીખવવાની મુશ્કેલીઓ<br>• સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષયો સાથેનો અનુબંધ<br>• સામાજિક વિજ્ઞાન વિષયના સંદર્ભો (સંદર્ભ, પુસ્તકો, મેગેઝિન, Websites વગેરે)<br>• સામાજિક વિજ્ઞાન ખંડ અને સામાજિક વિજ્ઞાન મંડળ<br>• સામાજિક વિજ્ઞાન શિક્ષણ દ્વારા મૂલ્ય શિક્ષણ<br>• સામાજિક વિજ્ઞાન શિક્ષણ અને ક્ષેત્ર મુલાકાત | |

આ વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૧ ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની ઇ-ફાઇલ ક્રમાંક : ૪૮૬૯ પરની તારીખ ૦૪/૧૦/૨૦૨૫ ની નોંધથી સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(તુષાર પટેલ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના</u> :

- ❖ માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- ❖ માન. મંત્રીશ્રી (શિક્ષણ), માન. મંત્રીશ્રી (શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- ❖ માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ), માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- ❖ અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ❖ અગ્રસચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ❖ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- ❖ અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- ❖ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
- ❖ તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/તમામ શાસનાધિકારીશ્રી (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફત)
- ❖ સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય (વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.)
- ❖ શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૫